જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૭/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૯૫/૧૭

ગોમતીપુર પોલીસ સ્ટેશનઃ-

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અવાદશહેર તથા સયુંક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર ૨ સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન.૫ સાહેબ તથા ઈ.મ.પો.કમિ.શ્રી એચ ડીવીજન નાઓના માર્ગ દર્શન હેઠળ ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા દારુ-જુગાર જેવી પ્રવૃત્તિ નેસ્ત નામુદ કરવા સુચના મળેલ હોય આ દરમ્યાન સાથેના સ્ટાફના માણસોને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે ગોમતીપુર કુંડાવાળી ચાલીમા રહેતો દિપક ઉર્ફે દિપક માસ્તર ગોવિંદભાઈ પરમાર તથા મુકેશ ઉર્ફે મુકેશ મારવાડી ગણપતભાઈ ચાવલા તથા રીકીન ઉર્ફે બંટી નાઓ પોતાના આર્થીક લાભ સારુ બહારથી માણસો બોલાવી ગોમતીપુર કુંડાવાળી ચાલીમા દિપક માસ્તરના કબ્જાના મકાનમા પૈસા પાનાથી અંદર બહારનો જુગાર રમી રમાડે છે વિગેરે મતલબની બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા ૨૧ ઇસમો રોકડા રુપીયા ૭૯૬૯૦/- તથા મોબાઈલ નંગ - ૧૧ કીરુ ૧૪૫૦૦/- તથા ગંજીપાના નંગ ૧૫૬ કીરુ ૦૦/૦૦ મળી કુલ્લે કીરુ ૯૪૧૯૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા ઉપરોક્ત પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ સેકન્ડ ગુરનં ૩૧૭૧/૧૭ જુગાર ધારા કલમ ૪ ૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે

તા.૦૮/૦૭/૨૦૧૭

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ


















નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.